## ઈસનપુર મોટા ગામે દારૂની મહેફિલ માણતા ચાર દારૂડીયા ઝડપાયા

ગાંધીનગર જિલ્લાના ઈસનપુર મોટા ગામની સીમના એક ખેતરમાં દારૂની મહેફિલ માણતા ચાર દારૂડીયાઓને ચિલોડા પોલીસે દરોડો પાડી રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તેમના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. જિલ્લાના ઈસનપુર મોટા ગામે આજે બપોરે એક ખેતરમાં ખુલ્લેઆમ બિન્દાસપણે ચાર ઈસમો દારૂની મહેફિલ માણતા હતા. જેની જાણ ચિલોડા પોલીસને થતા પોલીસે તુરંત ઈસનપુર મોટા ગામની સીમમાં મહેફિલ સ્થળે પહોંચી મહેફિલ ભંગ પાડ્યો હતો અને ગામના જ ત્રણ દારૂડીયાઓ નરેન્દ્રસિંહ જીલુસિંહ બિહોલા, દિલિપસિંહ બળદેવસિંહ બિહોલા, જીલુસિંહ પ્રતાપસિંહ બિહોલા અને ચિલોડાના એક અશોકજી કેશાજી ઠાકોરને રંગેહાથ દારૂ પીતા પોલીસે ઝડપી પાડ્યા હતા અને આ તમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ગૌરીવ્રત બાળાઓ માટે હરિફાઈ યોજશે

ગાંધીનગર, તા. ૧૫

સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ ઉપક્રમે ગૌરીવ્રત તથા જયા પાર્વતીના વ્રત નિમિતે તા. ૧ જુલાઈને રવિવારે બપોરે ૨ કલાકે બ્રહ્મભવન સેક્ટર-૧૬માં વેશભૂષા, મહેંદી તથા હેર સ્ટાઈલની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ છે. વેભૂષામાં ૫ થી ૧૫ વર્ષ સુધીની બ્રાહ્મણ બાળકો માટે. મહેંદી તથા હેરસ્ટાઈલ ૧૫ થી વધુ વર્ષની બ્રહ્મ બહેનો માટે. સ્પર્ધાની સામગ્રી સ્પર્ધકે જાતે લાવવાની રહેશે.

જે બ્રહ્મ બાળકો અને બહેનોએ ભાગ લેવો હોય તેમણે જણાવેલ નંબર પર સંપર્ક કરવા જણાવવામાં આવે છે. (૧) આશાબેન ભટ્ટ લતેશ સોસાયટી, ૨૩૨ ૨૫૬૫૬ (૨) અંજના ગૌર પ્લોટ નં. ૧૨૫-૨ સેક્ટર૬-બી, ૨૩૨ ૪૮૪૩૨ (૩) જ્ઞાનદેવી ઉપાધ્યાય પ્લોટ નં. ૪૯૭-૨, ૨૩૨૪૧૪૫૨ બ્રહ્મ ભવન ઉપર સંપર્ક કરવો. સંસ્થાના પ્રમુખ પ્રતિભાબેન દવેએ જણાવેલ છે.

# સેક્ટર-૭ શોપીંગ સેન્ટર પાસે દરરોજ સાંજે શાકભાજીની લારીઓથી રસ્તા બંધ...!!!

## લારીઓ, પાથરણાવાળા અને ખાણીપીણીના ગલ્લાવાળાઓએ દબાણ સર્જ્યુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરનું એક વખતનું સેક્ટર-૭નું શાકભાજી બજાર બંધ થતાં હવે આ શાકભાજી અને અન્ય વસ્તુ વેચવાવાળા વેપારીઓ પોતાની લારીઓ જાહેર માર્ગ પર ઊભી રાખીને વેપાર કરી રહ્યા છે. વાહન વ્યવહાર અને લારીઓની ભીડથી દરરોજ સાંજે ટ્રાફીક જામ થઈ જાય છે. સેક્ટર-૭નું શોપીંગ સેન્ટર અને તેની આસપાસનો રસ્તો નાની મોટી લારીઓ, નાના મોટા વાહનો અને શાકભાજી ખરીદવા આવેલા ગ્રાહકોથી એકદમ ભીડભાડવાળો બની જાય છે. જેનાથી અવરજવર કરતા રહીશોને ખૂબ જ તકલીફ પડે છે.

સેક્ટર-૭ના શોપીંગની પાસેના બંને ક્રોસ રોડ પર શાકભાજીવાળાઓ, ફળફળાદી વેચવાવાળા, પકોડીવાળા, દાબેલીવાળા, ચા વાળા અને વાહન પાર્ક કરવાવાળાનું દબાણ છેલ્લા ઘણા સમયથી વધી ગયું છે. ફોરવીલ ગાડીઓવાળા પણ ત્યાં રોડ પર વાહન પાર્ક કરી શોપીંગમાં કે પછી શાકભાજી ખરીદવા જાય છે. રોડની બંને બાજુ લારીઓ અને પાથરણાવાળા ગોઠવાઈ જાય છે. જેથી દબાણ ખૂબ જ વધી ગયું છે.

સેક્ટર-૬ના મેદાનમાં શાકભાજીની લારીઓની વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવાય તે જરૂરી છે. સેક્ટર-૬નું મેદાન મોટુ છે. તમામ લારીઓ-ગલ્લા અને પાથરણાવાળાઓને અનુકૂળ આવે તેવું છે. ગાંધીનગર મહાનગરપાલિકા સેક્ટર-૭નું દબાણ દૂર કરી વૈકલ્પિક વ્યવસ્થા તરીકે સેક્ટર-૬નું મેદાન શાકભાજીની લારી-ગલ્લાવાળાઓને ઉપયોગમાં લેવા દે તે જરૂરી છે. સેક્ટર-૬ના મેદાનમાં શાકભાજી અને ફળફળાદીવાળા કોઈને પણ અડચણરૂપ બન્યા વગર ગોઠવાય તેવું આયોજન કરવામાં આવે તો તે પ્રજાના હિતમાં રહેશે. સેક્ટર-૭ની જે દબાણની સ્થિતિ છે તેવી જ સ્થિતિ સેક્ટર-૬માં ન થાય તેવું આયોજન કરવા નગરજનોનો આગ્રહ છે.



(તસવીર : દિપક જાની)

પ્રદૂષણ : આવનારા દિવસો માનવજાત માટે ખતરારૂપ હશે તો તે પ્રદૂષણને કારણે હશે.... પ્રદૂષણ મુક્ત વાતાવરણ નાગરિકો ઝંખી રહ્યા છે... પરંતુ બીજી તરફ પ્રદૂષણ ફેલાવતાં વાહનો પણ શહેરમાં ખુલ્લેઆમ ફરી રહ્યા છે... તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે.... પરંતુ એ તંત્રના અધિકારી - કર્મચારીઓને ખબર નથી કે આવનારા દિવસોમાં આ પ્રદૂષણ તેમના જ સ્વાસ્થ્યને નુકસાનરૂપ સાહિત થશે. હવે જાગો તો સારૂ...

# ગાંધીનગર જિલ્લાના નદીપારના ગામોમાં ઉલ્લાસપૂર્વક શાળા પ્રવેશોત્સવ યોજાયો



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લાનાં ગામેગામ ઉત્સાહપૂર્વક શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે.

શાળા -વેશોત્સવના આજે બીજા દિવસે મુખ્ય મંત્રીશ્રીના સચિવ શ્રી એ.કે.શર્માએ ગાંધીનગર તાલુકાના ચિલોડા, મહુંદ્રા, ધણપ, શિવપુરા કંપા અને ગિયોડ ખાતે આંગણવાડીમાં અને ધોરણ-૧માં -વેશ પામતાં બાળકોને કંકુતિલક કરી આશીર્વાદ- શુભેચ્છા પાઠવ્યા હતા. સાથે જ તેમના હસ્તે ધોરણ ૩ થી ૭ માં -થમ ત્રણ ક્રમે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું ઈનામથી અને શાળાઓને દાનથી મદદરૂપ થનાર દાતાશ્રીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ધોરણ-૧ માં -વેશ મેળવતાં બાળકોને તેમણે દફતર કીટ, આંગણવાડી માટે રમકડાં અને ધોરણ-૮ ના વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકોનો સેટ અર્પણ કર્યો હતો.

ધણપની શાળામાં યોજાયેલ કાર્યક્રમમાં શિક્ષકો, વાલીઓ, વિદ્યાર્થીઓને -ોત્સાહિત કરતાં સચિવ શ્રી એ.કે શર્માએ જણાવ્યું હતું કે, સ્વચ્છ, સુંદર અને રમણીય શાળા ગામના ઘરેણા સમાન હોય છે. રાજ્ય સરકારના શિક્ષણના સર્વાંગી વિકાસના સતત -યત્નોને કારણે આજે આદિજાતિ વિસ્તારની શાળાઓ પણ સુંદર, રમણીય, સારું પરિણામ લાવતી બની છે. શિક્ષકો, ગ્રામજનો, વાલીઓ ગામની શાળા -ત્યે, પોતાના સંતાનના અભ્યાસ -ત્યે પૂરી જાગૃતિ, રસ દાખવે તો શિક્ષણની ગુણવત્તા જરૂર અનેક ગણી સુધરી જાય. આ આપણી સામૂહિક સામાજિક જવાબદારી બની રહે છે. એક પણ બાળક શાળા -વેશથી વંચિત ન રહે અને દીકરીઓ અધવચ્ચેથી અભ્યાસ છોડી ન દે તે માટે વિશેષ જાગૃતિ દાખવવા વાલીઓ, ગ્રામજનો, -જાજનો અને શિક્ષકોને તેમણે અનુરોધ કર્યો હતો. આ -સંગે જિલ્લા -ાથમિક શિક્ષણ અધિકારી શ્રી દર્શનાબેન જોષીએ રાજય સરકારની શિક્ષણ, વિષયક યોજનાઓ, ગુણવત્તા લક્ષી શિક્ષણ વિશેની જાણકારી આપી હતી. ધણપ ખાતે ધોરણ-૧માં કુલ-૩૭, આંગણવાડીમાં-૧૯ અને ધોરણ-૮ માં ૫૫ બાળકોએ -વેશ મળવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ગામના અગ્રણીઓ અને દાતાઓએ રૂપિયા ૨૪ હજારનું દાન શાળાને અર્પણ કરેલ છે. સરસ્વતી સાધના યોજના હેઠળ એક વિદ્યાર્થીનીને સાયકલ આપવામાં આવી હતી.

# તળાવ રીનોવેશનની દરખાસ્ત લાંબા સમય પછી પણ અધ્ધરતાલ

ગાંધીનગર, તા. ૧૫

સે. ૨૮ બાલોદ્યાનમાં સ્થિત તળાવને નવા રૂપરંગ આપવાનો મામલો છેલ્લા ઘણા સમયથી અધ્ધરતાલ છે. તળાવ રીનોવેશનનું કામ ખર્ચાળ હોવાથી ગત વર્ષ દરમિયાન પણ આ અંગે વિભાગ કક્ષાએથી કોઈ નિર્ણય લેવાયો ન હતો. જ્યારે તંત્ર દ્વારા આ કામગીરીને અનુલક્ષી રૂ. ૭૦ લાખના ખર્ચના અંદાજ સાથે વિભાગને સુપ્રત કરેથી દરખાસ્ત પણ હજુ પડતર છે.

બાલોદ્યાનમાં બાળકોની મીની ટ્રેઈન ટ્રેક પર દોડતી થયા બાદ છાશવારે ગંદકી અને લીલથી ઉભરાતા તળાવને પણ નવીન રૂપરંગ આપવા અગાઉના સમયમાં વિચારણા હાથ ધરવામાં આવી હતી પરંતુ ખર્ચનો અંદાજ વધુ હોવાથી આ મામલે કોઈ નિર્ણય લેવાયો ન હોવાનું પણ અંતરંગ સૂત્રોએ જણાવ્યું હતું. હાલ બાલોદ્યાનમાં તળાવ ફરતે ગંદકી ન થાય તે માટે રૂ. ૨૫ લાખના ખર્ચે પેવર બ્લોકનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જ્યારે તળાવમાં પાણીની જરૂરીયાત સંતોષવા બોરનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે જ્યારે તળાવ ફરતે ફેન્સીંગ અને ફ્લોરમાં ચાઈનામોજેક સહિતનું તળાવ રીનોવેશનનું કામ હાથ ધરવા પણ વિભાગને દરખાસ્ત કરવામાં આવી છે. આ કામગીરી માટે રૂ. ૭૦ લાખનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જો કે આ દરખાસ્ત અન્વયે વિભાગ કક્ષાએથી લાંબા સમયના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો નથી.

## ઉદ્યોગ ભવનમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૫

ઉદ્યોગભવનમાં બ્લોક નં. ૫ સામે પાર્કીંગમાંથી કોઈ ચોર ઈસમે બાઈકની ઉઠાંતરી કરી હોવાની ફરિયાદ સે-૭ પોલીસ મથકે નોંધાઈ છે. સે-૨૩માં બ્લોક નં. ૩૮૪/૮ 'ચ' ટાઈપમાં રહેતા શ્રી તોજસિંહ ચૌધરીએ ગત તા. ૯ જૂનના રોજ બપોરે ૧ થી ૫ કલાકના સમયગાળા દરમિયાન પોતાનું બાઈક નં. જીજે-૧૮-એ.કયુ. ૬૦૭૫ ઉદ્યોગભવનમાં સ્થિત બ્લોક નં.-૫ના પાર્કીંગમાં પાર્ક કર્યું હતું. આ દરમિયાન કોઈ ચોર ઈસમે પાર્કીંગ વિસ્તારમાંથી બાઈકની ઉઠાંતરી કરી હતી. આ અંગે તેમણે સે-૭ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પી.એસ.આઈ. સી.કે. ખરાડીએ ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## જલારામ મહિલા મંડળ ગાંધીનગર ગૌરીવ્રતમાં બાળાઓ માટે હરિફાઈઓ યોજશે

ગાંધીનગર, તા. ૧૫

જલારામ ધામ સેકટર-૨૯ ખાતે સંતવાણી હોલમાં ગૌરીવ્રત નિમિતે સમાજની તા. ૧-૭-૧૨ને રવિવારના રોજ વિવિધ હરિફાઈનું આયોજન કરવામાં આવેલ છે. ૫ થી ૧૦ વર્ષ સુધીની બાળાઓ માટે વેશભુષા, ૧૧ થી ૩૦ વર્ષની બહેનો માટે કેશ ગૂંથન હરિફાઈનું આયોજન કરવામાં આવેલ છે તો ભાગ લેવા ઈચ્છુક બહેનોએ નીચેના ટેલિફાન નંબર પર સંપર્ક કરી નામ નોંધાવા જણાવવામાં આવે છે.

જલારામ મંદિર મેનેજર ફોન ૨૩૨ ૨૩૬૧૪, કુસુમબેન તન્ના ૨૩૨ ૪૭૧૫૫, જયશ્રીબેન અનમ ૨૩૨ ૮૮૮૮૮ પર સંપર્ક કરવો.

## આજે સુંદરકાંડના પાઠનું આયોજન

રામચરિત માનસ પંચમ સોપાન 'સુંદરકાંડ'ના પાઠનું આજે તા. ૧૬મી જૂન-૨૦૧૨ને શનિવારે રાત્રે ૮ કલાકે આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના સેક્ટર-૨૬ના ગ્રીનસીટી, બી-૧/૧૨ ખાતે યજમાન રમેશભાઈ પટેલના નિવાસે સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે સુંદરકાંડના સંગીતમય પાઠ યોજાશે. ભક્તિ સંગીતની આ કાર્યક્રમમાં સૌ ભક્તજનોને જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# બાંસૂરીવાદન એક કઠિન કલાસાધના છે, વર્ષોની તપશ્ચર્યા પછી આ કલા કલાકારને વરે છે, પરંતુ પ્રેરણાથી છલોછલ ગુરૂ અને ધૈર્યવાન શિષ્ય માટે કશું જ અસાધ્ય નથી

સંબંધ સજાવે જિંદગી

**બલિહારી ગુરુ આપ કી**

- સ્વાતિબા રાઓલ

gsrelation@yahoo.com

ગાંધીનગર ધીરે-ધીરે રાજધાની હોવાની સાથે 'કલાનગરી' તરીકે આગવી ઓળખ મેળવતું જાય છે. ગાંધીનગરના પ્રજાજનોને આ માટે સલામ આપવી પડે કારણ કે, સાંસ્કૃતિક અને કલાને લગતી અનેકવિધ પ્રવૃત્તિઓમાં આ નગરવાસીઓ બિરદાવવામાં કે ભાગ લેવામાં કયાંક પાછાં પડતા નથી. કલાસાધકોની કઠિન સાધનાથી મઘમઘતું આ શહેર છે. આ શહેરનાં જ એવાં જ મૌન કલાસાધક છે શ્રી જીતેન્દ્રકુમાર દવે કે જેઓ વ્યવસાયે શિક્ષક છે અને બાંસૂરી વાદનમાં પ્રવીણ છે. આમ તો બંસી સાથે કદંબ અને યમુના અંગભૂત ઘટકો છે. પરંતુ જીતુભાઈની બંસી ગાંધીનગરના ગુલમહોર અને સાબરમતીના સાંનિધ્યમાં વહે છે. આજે તેઓ પોતાના ગુરૂની વાત માંડે છે. ચાલો તેમના ગુરૂને ઓળખીને તેમનાં જ શબ્દોમાં.

રાગ 'માલકૌંશ' માં સંગીતબધ્ધ થયેલું અને આદરણીય મન્નાડેજીનાં કંઠે ગવાયેલું ગીત 'ગુરુચરણોની હું રજકણ છું.' જ્યારે જ્યારે સાંભળું છું ત્યારે બચપણથી અત્યાર સુધી જીવનમાં જે જે ગુરુઓ પ્રેરણામૂર્તિ બન્યા છે. તેમનાં ચરણોમાં નતમસ્તક થઈ જવાય છે.

આજે હું મારા એવા જ એક ગુરુજીની વાત કરવા જઈ રહ્યો છું. જે શહેરી સંસ્કૃતિથી દૂર પણ પ્રકૃતિના ખોળે રમતાં, અરવલ્લીની ગિરિમાઓથી સુશોભિત અને હાથમતી નદીનાં પ્રવાહથી તરંગાયિત એવા ભીલોડામાં આવેલી એક હાઈસ્કૂલ જેની સમગ્ર સાબરકાંઠા જ નહીં પર ગુજરાતમાં પણ ગણના થાય તેવી નવીબાઈ રામજી આશર વિદ્યાલય, (જેને ટૂંકમાં બધા એન.આર.એ. વિદ્યાલયથી ઓળખે છે.) તેના ભૂતપૂર્વ આચાર્યશ્રી લાભશંકર પંડ્યા (એલ.આર. પંડ્યા) ને નમ્રતાથી યાદ કરી વંદન કરું છું.

સાહેબ, એક એવી પ્રતિભા જેને સમગ્ર સાબરકાંઠો ઓળખે. મારા જેવા કેટલાય વિદ્યાર્થીઓ તેમનાં સાંનિધ્યમાં શિક્ષિત થયા... સંસ્કારિત થયા... આવા ગુરુજીને કેમ ભૂલાય...?

મને આજેય એ દિવસ યાદ છે... જ્યારે સન્ ૧૯૮૩ માં ધોરણ-૯ ઈ માં મેં એડમીશન લીધું હતું. હું સ્કૂલમાં નવો-નવો હતો. બચપણથી જ પિતા તરફથી ભજનનો વારસો મળેલ, કલાસરૂમમાં મને મારા કલાસ ટીચર ગવડાવતા હતા. ત્યારે પંડ્યા સાહેબ રાઉન્ડમાં નીકળ્યા હતા. તેમણે મારો અવાજ સાંભળી તરત જ કલાસરૂમમાં આવ્યાં અને મારી પ્રશંસા કરી. આવડી મોટી સ્કૂલના આચાર્યએ મારા વખાણ કર્યા તેથી હું તો ખુશ થઈ ગયો. બીજા દિવસે બુધવાર હતો અને દર બુધવારે છેલ્લા બે તાસમાં અમારી શાળામાં સાંસ્કૃતિક - ઈત્તર પ્રવૃત્તિ થતી હતી. પંડ્યા સાહેબે માઈકમાં જાહેરાત કરી કે ધોરણ-૯ માં દવે છે (મને બધા દવેથી ઓળખે) તે ઊભો થાય. હું તો તરત જ ઊભો થઈ ગયો. તેમણે કહ્યું કે સ્ટેજ ઉપર આવી ગઈકાલે તે ભજન ગાયો હતો તે ફરીથી ગા... અને પછી તો આ સિલસિલો ચાલ્યો...

શ્રી પંડ્યા સાહેબની પ્રેરણાથી હું શાળામાં અને ત્યારબાદ વિવિધ સ્પર્ધાઓમાં પણ પર્ફોર્મન્સ આપવા લાગ્યો. જયારે જયારે સાળામાં પ્રૉગ્રામ થાય ત્યારે તે મને અચૂક ગવડાવતા અને આ રીતે સંગીતના ક્ષેત્રમાં હું ઘડાતો ગયો.

શ્રી પંડ્યા સાહેબ બાળકની અંદર રહેલી પ્રતિભાને ઑપ આપવામાં માહિર હતા. વળી તેમની વિદ્વતાની તો વાત જ થાય તેમ નથી. ગુજરાતી ભાષા ઉપરનું તેમનું પ્રભુત્વ અદ્ભુત હતું. વળી તે ઉત્તમ સંચાલક અને વક્તા પણ હતા. જયારે પણ તે સભામાં બોલવા ઊભા થાય ત્યારે સમગ્ર શ્રોતાગણ શાંત થઈ જતો. તેમનાં મુખમાંથી નીકળેલો એક-એક શબ્દ મારા માટે મોતી બની જતો. તે ઉત્તમ કવિ પણ હતા. અને હા... મારી શાળાની દીવાલો પર દોરેલા ચિત્રો પણ તેમણે જ દોરેલા. આમ, તે સારા વક્તા, ઉત્તમ કવિ. અને ચિત્રકાર પણ હતા. તે વિદ્યાર્થીઓ પ્રત્યે જેટલા મૃદુહૃદયી હતા તેટલા જ શિસ્તની બાબતમાં કઠોર પણ હતા. ગુજરાત સરકારે તેમની આ સેવાની નોંધ લઈ તેમને 'શ્રેષ્ઠ શિક્ષક' ના એવોર્ડથી નવાજ્યા હતા. જે તેમની હાથ નીચે ભણએલાં તમામ વિદ્યાર્થીઓને ગૌરવાન્વિત કરે છે,

તે વિદ્યાર્થીનું કેટલું ધ્યાન રાખતા તેનું એક ઉદાહરણ આપું. એક દિવસે માટે યુવક મહોત્સવની સ્પર્ધામાં બહારગામ જવાનું થયું હતું. ત્યાંથી આવતા ઘણું મોડું થઈ ગયું. મારું ગામ 'લીલછાં' ભીલોડાથી પાંચ કિ.મી. દૂર હતું. વળી રાત્રે વાહનની પણ સગવડ નહોતી, તો પંડ્યા સાહેબે મને પ્રેમથી જમાડી, મારી શાળાના આરામરૂમમાં સુવડાવી, વૉચમૅનને ભલામણ કરી પછી જ તે સ્વગૃહે ગયા. આવો હતો તેમનો વિદ્યાર્થીપ્રેમ...

ધોરણ-૧૦ પછી મેં શાળા છોડી દીધી. ત્યારબાદ ઘણા વર્ષો પછી રાજયકક્ષાની હરિફાઈમાં મારે ભીલોડા જવાનું થયું. મારી બંસરી - વાદનથી તે ખુશ થઈ ગયા અને તેમનો વિદ્યાર્થી રાજયમાં નંબર લાવે છે તે જાણી તે ખૂબ જ આનંદિત થઈ ગયા. મને અને મારા નિર્ણાયકોને તે તેમની કૅબિનમાં લઈ ગયાં અને નિર્ણાયકોને મારી ઓળખાણ આપી કે આ મારો વિદ્યાર્થી છે. મેં મનોમન વંદન કરતાં કહ્યું કે, મારી આંગળી પ્રથમ પકડનાર તો તમે જ છો. તમારી પ્રેરણા અને પ્રોત્સાહન વગર આ કક્ષાએ પહોંચવું મારા માટે આસાન ન હોત.... આજે સંગીતમાં હું જે કાંઈ છું તે તમારા પ્રતાપે... આવા મારા ગુરુજીને લાખ લાખ વંદન...

બાંસૂરીવાદન એક કઠિન કલાસાધના છે. વર્ષોથી તપશ્ચર્યા પછી આ કલા કલાકારને વરે છે, પરંતુ પ્રેરણાથી છલોછલ ગુરૂ અને ધૈર્યવાન શિષ્ય માટે કશું જ અસાધ્ય નથી.

આ લાખેણા ગુરૂના લાખેણા શિષ્ય પોતે એક સક્ષમ અને વિનમ્ર ગુરૂ છે. તેમની પાસે બાંસૂરી વાદન શીખવું એક લ્હાવો છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૪
સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૮.૦ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૦ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૨ ટકા ● સાંજે ૫૨ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

: **સ્ક્રીન-૧** :
ફરારી કી સવારી : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦
: **સ્ક્રીન-૨** : ફરારી કી સવારી : ૧૦.૦૦
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૧૫, ૬.૩૦, ૧૦.૦૦
: **સ્ક્રીન-૩** : શાંઘાઈ : ૧૧.૦૦
રાઉડી રાઠોડ : ૧.૧૫, ૪.૦૦
ફરારી કી સવારી : ૬.૪૫, ૯.૩૦
**સ્ક્રીન-૪** : પીરાન્હા ૨ડી (હિન્દી) : ૧૧ , ૧ ,૫.૩૦, ૧૦.૧૫
શાંઘાઈ : ૩.૦૦
ફરારી કી સવારી : ૬.૩૦
રાઉડી રાઠોડ : ૭.૩૦

### સિને મેક્સ

: **સ્ક્રીન-૧** : પીરાન્હા ૩ડી (હિન્દી) : ૧૦.૩૦, ૯.૦૦
પ્રોમેથિયસ ૩ડી(હિન્દી) : ૧૨.૧૫, ૪.૩૦,
શાંઘાઈ : ૬.૪૫, ૧૦.૪૫
: **સ્ક્રીન-૨** :
ફરારી કી સવારી : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૩૦, ૬.૧૫, ૯.૦૦
**સ્ક્રીન-૩** : શાંઘાઈ : ૯.૪૫, ૧૨.૦૦, ૨.૪૫
ફરારી કી સવારી : ૫.૦૦, ૭.૪૫, ૧૦.૩૦
: **સ્ક્રીન-૪** :
રાઉડી રાઠોડ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

### સૂર્યા, વાવોલ

આખા જગતથી નિરાળી મારી સાજણા : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
રાઉડી રાઠોડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- સવારે ૯.૦૦ કલાકે ગાંધીનગર જિલ્લા સહકારી સંઘ દ્વારા સાધારણસભા.
- બપોરે ૩.૦૦ કલાકે ગુજરાત સેનવા-રાવત વિકાસ સંઘ, ગાંધીનગર દ્વારા સામાજિક કાર્યક્રમ

### ટાઉન હોલ

- રાત્રે ૯.૩૦ કલાકે આર્ટ ઓફ લવર્સ દ્વારા 'એકબીજાને નડતા રહીએ' નાટક.

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક બની શકે છે.વિચારોમાં સકારાત્મકતા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિમાં વધશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દૃઢ નિશ્ચયથી જટિલ કાર્યનો ઉકેલ આવશે. વ્યાપાર -વ્યવસાય પ્રત્યે ધ્યાન આપો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. કુટુંબના સદસ્યો તરફ ખાય ધ્યાન આપવું.

**મિથુન** : દિવસ આમોદ-પ્રમોદનો અવસર પ્રાપ્ત થઈ શકશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વમાં વધારો થઈ શકશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો.

**કર્ક** : મિત્રોના સહયોગથી ઉદ્ભવેલ સમસ્યાનું સમાધાન મળી શકે છે. વ્યાપારમાં પ્રગતિ થશે. નોકરી- વ્યવસાયમાં અણધારી સફળતા પ્રાપ્ત થશે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય.

**સિંહ** : વેપારમાં સમસ્યાઓ છતાં કાર્ય થવાનો યોગ. આજીવિકાના ક્ષેત્રમાં સ્થિતિ સામાન્ય રહેશે. રાજકારણના ક્ષેત્રમાં પરિવર્તનથી અનુકૂળતા બનશે. આર્થિકક્ષેત્રે નવા આયોજનો થઈ શકે છે.

**કન્યા** : આપ સાહસિત અને અથાગ પરિશ્રમમાં આપ માનો છો તેથી આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબીક સમસ્યાઓનું સમાધાન આવશે.

**તુલા** : આપનો પ્રભાવ વધવાથી શત્રુ પરાસ્ત થઈ શકે છે. ધૈર્યને કારને તમારી મોટીથી મોટી આકાંક્ષા પણ પૂર્ણ થતી જણાય. કુટુંબમાં વૃદ્ધ વ્યક્તિઓના આરોગ્ય તરફ ધ્યાન આપવું જોઈએ.

**વૃશ્ચિક** : આપના થકી થયેલા અથાગ પ્રયત્ન અને પરિશ્રણ સાર્થક થશે. દિવસ પ્રસન્નતામાં પસાર થવાની શક્યતા છે. કાર્ય અને વ્યવસાયના ક્ષેત્રમાં યોગ્ય સફળતા પ્રાપ્ત થઈ શકે છે. કુટુંબમાં લગ્ન સંબંધી કાર્યક્રમાનું આયોજન થઈ શકે છે.

**ધન** : સંતાન ઉજ્જવળ ભવિષ્યની તરફ અગ્રેસર થઈ શકશે. મિત્રોના સહયોગથી સમસ્યાઓનું સમાધાન મળી શકે છે. આવકના નવા સ્ત્રોત ઉભા થવાની સંભાવના છે. આળસ છોડીને કાર્ય સમય પર પૂર્ણ કરો.

**મકર** : સમ્માનમાં કમીના અવસરનો સંદેશ કાર્યની ગતિને પ્રભાવિત કરશે. વ્યપારમાં હાનિ થવાની સંભાવના છે. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો.

**કુંભ** : મિત્રો અને સહયોગીઓ પર વધારે વિશ્વાસ નુકશાનકારક બની શકે છે. વ્યાપારમાં નવીન કરારો પર ધ્યાન આપવું હિતકારક રહેશે. પોતાની વસ્તુઓ સંભાળીને રાખો.

**મીન** : સામાજિક ક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકે છે. વ્યાપાર- વ્યવસાયમાં ભાગીદારીમાં નુકશાનકારક ન બને તેની કાળજી રાખવી.

## ચિરવિદાય

- સ્વ. મધુબેન બાલકૃષ્ણ પુરોહિત(ઉ.વ.૭૨) પ્લોટ નં.૧૪૫૦/૨, સેકટર-૩/સી, ગાંધીનગર.
- સ્વ. લક્ષ્મીબેન બાબુલાલ સોમપુરા(ઉ.વ.૮૫) ૧૬૨, ઉર્જાનગર, વિભાગ-૨, રાંદેસણ તા., જિ. ગાંધીનગર.
- સ્વ. રેણુબેન જ્ઞાનદેવ બનીયા(ઉ.વ.૩૦) પ્લોટ નં.૬૪૦/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. વીજુબેન રણજીતસિંહ વાઘેલા(ઉ.વ.૪૫)મુ.પો. લેકાવાડા,તા., જિ. ગાંધીનગર.